# સાબરકાંઠા-અરવલ્લીના ઓટો બજારમાં મંદીનો માહોલ...

## નવાં- જૂનાં વાહનોનું વેચાણ ઘટ્યુ

બાયડ,(બ્યુરો ઓફીસ)તા. ૧

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના ઓટો બઝાર માં નવરાત્રી નજીક છતાં મંદી નો માહોલ છવાયો છે. નવાં તેમજ જૂના વાહનોના વેચાણમાં ઘટાડો થયો છે.ઓટો ડીલરો દ્વારા એક્સચેન્જ ઓફરો મૂકવામાં આવી છે તેમ છતાં વાહનોના વેચાણમાં વૃદ્ધિ ન થયાનું જાણવા મળ્યું છે.



કોરોના સંક્રમણ સમયે લોકડાઉન દરમ્યાન અસંખ્ય ધંધા રોજગારનો મૃત્યુઘંટ વાગી ગયો હતો.અનલૉક ના અમલ પછી પણ હજુ અનેક ધંધા પાટે ચડવામાં મથી રહ્યા છે.નવરાત્રી નું પર્વ નજીક આવતાં બજારોમાં તેજી ની આશા હતી પરંતુ ખરીદી હજુ નિરસ છે.જિલ્લામાં કોરોના બાદ મધ્યમ પરિવારોની ખરીદ શક્તિ ઘટી છે જેની સીધી અસર નવા જૂના વાહનોની ખરીદીમાં જોવા મળી છે.બન્ને જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ઓટો બજારમાં મંદીનો માહોલ જોવા મળે છે.વેચાણ વધારવા માટે જૂના વાહનો સામે એકચેંજ ઓફર મૂકી ઓછા ડાઉન પેમેન્ટ માં વાહનોનું વેચાણ વધારવાનો પ્રયાસ બે અસર નીવડ્યો છે.

# ભિલોડા કોટેજ હોસ્પિટલ એ.એન.એમ નર્સિંગ કોલેજના નિવૃત્ત આચાર્યનો વિદાય સમારંભ યોજાયો





ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભિલોડા કોટેજ હોસ્પિટલ, એ.એન. એમ, નર્સિંગ કોલેજના સેવાભાવી નિવૃત્ત આચાર્ય શકુન્તલાબેન જયંતિભાઈ શર્મા નો સન્માનભેર વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભ અધ્યક્ષ ધારાસભ્ય ડો.અનિલભાઈ જોષીયારા,નિવૃત્ત અધિકારી પાણી પુરવઠા વિભાગ પી.પી. નાયી, કોટેજ હોસ્પિટલના ડો.પ્રિયાબેન જોષીયારા, ડો.નેહાબેન શેઠ, હબીબભાઈ મનસુરી, કંદર્પભાઈ પટેલ, નિરૂબેન પરમાર, ભિલોડા ઉદય સેવા સંસ્થાનના જીતુભાઈ ભાટીયા, વલ્કેશભાઈ પટેલ,હસમુખભાઈ પટેલ,ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના ફાઉન્ડર મેમ્બર મુકેશભાઈ પંચાલ, મંત્રી મહિપતસિંહ રાઠોડ, જગદિશભાઈ પટેલ, નરેશભાઈ પંચાલ, ભરતભાઈ પ્રજાપતિ, વસંતભાઈ પટેલ,કોટેજ હોસ્પિટલના સ્ટાફ પરીવાર, એ.એન. એમ નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ, સહિત નિવૃત્ત આચાર્યના સગાં - સંબંધીઓ દ્વારા શાલ ઓઢાડી, મોમેન્ટો, સન્માન પત્ર આપી વિશેષ સન્માન કરાયું હતું. વય નિવૃત્ત આચાર્યનું નિવૃત્તિમય જીવન તંદુરસ્ત રહે તેવી પ્રભુને પ્રાર્થના કરી હતી.

## જન્મદિને વધામણી



હિતેશ કુમાર રજનીભાઇ પટેલ ડેમાઈ તા. બાયડ (હાલ, મુન્દ્રા)



તેજસ પટેલ
રડોદરા પ્રા.શાળા
બાયડગામ જી અરવલ્લી



ડો.પ્રકાશભાઈ જી.શાહ
સંજીવની હોસ્પિટલ, બાયડ
બાયડ

# પ્રાંતિજના વાધપુર નદી પાસેથી એસ.ઓ.જી.એ બંદુક સાથે વિજાપુરના ઈસમને ઝડપી પાડયો

### દેશી હાથ બનાવટની બંદુક સાથે એક ઇસમને ઝડપી પાડયોઃ બાતમીના આધારે બંદૂક સાથે એક ઇસમને ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાધપુર નદી પાસેથી એસ.ઓ.જી.એ દેશી હાથ બનાવટ ની બંદુક સાથે વિજાપુર ના ઈસમ ને ઝડપી પાડયો. જિલ્લા એસ.ઓ.જી સ્ટાફ પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પેટ્રોલિંગ મા હતો તે દરમ્યાન પ્રાંતિજ ના ટુડોર પાસે ઉભા હતા તે દરમ્યાન તેવોને ખાનગી રાહે બાતમી મળી કે વાધપુર પાસે આવેલ સાબરમતી નદી તરફ એક ઈસમ ગેરકાયદેસર બંદુક લઈ ને નદી તરફ ચાલતો જઈ રહ્યો હોવાનુ જાણથતા એસ.ઓ.જી.સ્ટાફ દ્વારા તાત્કાલિક વાધપુર પાસે આવેલ નદી તરફ જઈ ગાડી માંથી નીચે ઉતરી ને અલગ-અલગ રીતે હાથમા બંદુક લઈ ને જઈ રહેલ ઈસમ ને કોર્ડન કરી તેની પાસે થી બંદુક લઈ તેનુ નામ પુછતા સલીમભાઈ મહમંદભાઈ કરીમભાઈ જાતે સિંધી (ડફેર)ઉ.વર્ષ-૨૦રહે.રેલ્વે ફાટક પાસે , વિજાપુર તા.વિજાપુર , જિ.મહેસાણા નો હોવાનુ જણાવ્યુ હતુ તો બંદુક રાખવા અંગે પાસ પરમીટ માગતા ના મળી આવતા બંદુક ની કિંમત-૫૦૦૦ જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામાનો ભંગ કરતા એકટ ૧૯૫૯ ની.ક.૨૫ (૧-બી)એ તથા જી.પી એકટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોધી વિજાપુર ના ઈસમ ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા તલાટીઓ દ્વારા હડતાલ સંદર્ભે આજે ધરણાં યોજાયા

### પડતર માંગણીઓ નહિ સ્વીકારાય તો જલદ કાર્યક્રમની ચીમકી

ડીસા, તા. ૧

રાજ્યભરની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ પોતાની પડતર માંગણીઓને લઈ સરકાર સામે જંગે ચઢયા છે. જે સંદર્ભે આજે ડીસામાં પણ તલાટીઓએ કાળી પટ્ટી ધારણ કરી ધરણા યોજી વિરોધ નોંધાવ્યો હતો .

રાજ્ય તલાટી મંડળ દ્વારા પોતાની વર્ષોથી ૧૧ પ્રકારની પડતર માંગણીઓ સંદર્ભે સરકારનું વારંવાર ધ્યાન દોર્યુ હોવા છતાં સરકાર દ્વારા તેઓની માંગણીઓ ન સ્વીકારાતાં સરકાર સામે હડતાલ સ્વરૂપે જંગ છેડયો છે .એમાં તલાટીઓએ અગાઉ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ, જિલ્લા લેવલે કલેકટર અને ડીડીઓને આવેદનપત્ર આપી પેન ડાઉનનો કાર્યક્રમ કરી કામકાજથી અળગા થઈ પોતાનો વિરોધ નોંધાવી ચૂક્યા છે.ત્યારે આજે કાળી પટ્ટી ધારણ કરી એક દિવસીય પ્રતિક ઉપવાસ કરી ફરીથી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. બનાસકાંઠાની કુલ ૬૧૨ ગ્રામ પંચાયતના તલાટીઓ વિવિધ તાલુકા મથકોએ હડતાલ પર બેઠા હતા. આ અંગે તલાટી મંડળના આગેવાનોએ જણાવ્યું હતું કે સરકાર ઝડપથી અમારી માગણી નહીં સ્વીકારે તો હજુ પણ જલદ કાર્યક્રમો આપવામાં આવશે.

# પ્રાંતિજના નટુભાઈ બારોટની જિલ્લા તકેદારી સમિતિમાં સભ્ય તરીકે નિમણૂંક થઈ

### પંડીત દીન દયાળ ગ્રાહક ભંડાર માટેની સાબરકાંઠા જિલ્લા તકેદારી સમિતિમાં નિમણૂક થઈ

પ્રાંતિજ તા.૧



ગુજરાત સરકાર ના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગાંધીનગર ના આમુખ-૧,ના ઠરાવ અન્વયે પંડીત દીન દયાળ ગ્રાહક ભંડાર માટેની સાબરકાંઠા જિલ્લા તકેદારી સમિતિ મા પ્રાંતિજ ખાતે રહેતા અને પ્રાંતિજ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રમુખ નટુભાઈ રામજીભાઈ બારોટ ની સભ્ય તરીકે નિમણૂંક થઈ. આ સમિતિ ના અધ્યક્ષ તરીકે સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ, સહ અધ્યક્ષ તરીકે કલેકટર અને સભ્ય સચિવ તરીકે જિલ્લા પુરવઠા અધિકારી તથા અન્ય સભ્યો મા જિલ્લા વિકાસ અધિકારી , સાંસદ, ધારાસભ્ય, જિલ્લા ના અન્ય વિભાગોના અધિકારીઓ અને જિલ્લાના આગેવાનોની સમિતિ બનાવવામા આવી.

### બનાસકાંઠા ભૂસ્તર વિભાગનો વધુ એક સપાટો...

# મોડી રાત્રે ચેકિંગ કરી ગેરકાયદેસર રીતે રેતી ખનીજ વહન કરી રહેલ ૪ ડમ્પર કબ્જે કર્યા

### રૂ.એક કરોડનો મુદ્દામાલ કબ્જે કરી રૂ ૧૧.૯૦ લાખનો દંડ વસૂલવા કાર્યવાહી કરવામાં આવશે : છ માસ માં રૂ ૨૬૧.૧૭ લાખ નો અધધ દંડ

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા ભૂસ્તર વિભાગે ગતમોડી રાત્રે અને વહેલી સવારે ઓચિંતી ચેકીંગ હાથ ધરી ચાર રેતી ભરેલા ડમ્પર કબ્જે કરી રૂ એક કરોડ નો મુદ્દામાલ કબ્જે કરી રૂ ૧૧.૯૦ લાખનો દંડ ફટકારતા ભુમાફિયાઓ માં ફફડાટ ફેલાયો હતો. બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા ઓફિસના સમય બાદ મોડી રાત્રે અને વહેલી સવારે ખાનગી રાહે ઓચિંતી રેડ કરી અનેક વખત ખનીજ ચોરી ઝડપી પાડી છે ત્યારે ગતરોજ ભૂસ્તર અધિકારી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર વિભાગની ટિમ મોડી રાત્રે મોટા જામપુર ગામે પહોંચી તપાસ હાથ ધરતા રેતી ભરેલા ત્રણ ડમ્પર મળી આવેલ જે ડમ્પરના ચાલક પાસે રોયલ્ટી પાસ બાબતે પૂછપરછ કરતાં રોયલ્ટી પાસ મળી આવેલ નહીં જેથી ત્રણ ડમ્પરો કબજે કરી થરા પોલીસ મથકે મૂકવામાં આવ્યા હતા ત્યારબાદ વહેલી સવારે ફરી ચેકિંગ હાથ ધરતા આખોલ ચાર રસ્તા પાસે થી પસાર થઈ રહેલ એક રેતી ભરેલા ડમ્પરના ચાલક પાસે રોયલ્ટી પાસ માંગતા મળી આવેલ નહીં જેથી ડમ્પરને કબ્જે લઈ ડીસા તાલુકા પોલીસ મથકે મુકેલ આમ મોડી રાત્રે અને વહેલી સવારે મળી કુલ ચાર ડમ્પર કબજે કરી રૂ એક કરોડ નો મુદ્દામાલ કબ્જે કરી રૂ ૧૧.૯૦ લાખનો દંડ વસૂલવા કાર્યવાહી હાથ ધરેલ છે.

બનાસકાંઠા ભૂસ્તર વિભાગની સતત કડક કાર્યવાહી અને ખાનગી રાહે તપાસ ને લઈને બનાસકાંઠાના ભુ માફિયાઓ માં ફફડાટ ફેલાયો હતો. બનાસકાંઠા ભૂસ્તર વિભાગની ટિમ એ ગતરોજ ચાર ડમ્પર ઝડપી પાડેલ જેમાં મોટા જામપુરા પાસેથી ડમ્પર નંબર GJ 18 BT 3547,GJ 08 AU 7400,GJ 08 AU 2308 તેમજ ડીસા આખોલ પાસેથી ડમ્પર નમ્બર GJ 08 Y 4432 આમ કુલ ચાર ડમ્પર કબ્જે કરી રૂ એક કરોડ મુદ્દામાલ કબ્જે કરેલ છે.

બનાસકાંઠા ભૂસ્તર અધિકારી સુભાષ જોષી ના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે છેલ્લા છ માસમાં ઓચિંતી ચેકીંગ હાથ ધરી ૨૬૬ ખનીજ ચોરી ના કેસ કરી રૂ ૨૬૧.૧૭ લાખનો દંડ ફટકારી સરકાર ને મતબર આવક ઉભી કરેલ છે. બનાસકાંઠા ભૂસ્તર વિભાગે ખાસ કરીને ડીસા તાલુકાના રાણપુર, ભડથ,કૂપટ, માલગઢ, તેમજ કાંકરેજ તાલુકાના ના મોટા જામપુરા,કંબોઈ, ઉમેરી, કસલપુર,અરણીવાડા વિસ્તારમાં થતી ખનીજ ચોરીઓ ઝડપી અત્યારે સુધીમાં અનેક વાહનો કબ્જે કરી દંડ ની વસુલાત કરવામાં આવેલ છે.

# શ્રાદ્ધ પક્ષમાં ઝવેરીઓના ધંધામાં માઠી દશા

### જિલ્લામાં નવરાત્રી પર્વ દરમિયાન બજાર ધમધમવાની સંભાવના

બાયડ, તા. ૧

સાબરકાંઠા-અરવલ્લીમાં શ્રાદ્ધ પક્ષ પૂર્ણાહૂતિ તરફ છે. શ્રાદ્ધ પક્ષમાં શુભ કાર્યો ઉપર બ્રેક લાગી જાય છે ત્યારે છેલ્લા ૧૩ દિવસથી ઝવેરીઓની ધંધાની માઠી દશા બેઠી છે. નવરાત્રી પર્વ દરમિયાન ઝવેરી બજાર ધમધમવાની સંભાવના છે. લગ્ન સહીતની શુભપ્રસંગો આવે એટલે પીળી ધાતુનું મહત્ત્વ સમજાય છે. જયારથી શહેરી વિસ્તારોમાં સોના-ચાંદીના મોટા શોરુમ શરૂ થયા છે. ત્યારથી નાના ઝવેરીઓની માઠી દશા બેઠી છે. જિલ્લામાં ૭૦૦ થી વધુ નાના-મોટા ઝવેરીઓને કોરોનાકાળમાં આર્થિક સંકળામણનો અનુભવ થયો. પાછલા દોઢ મહિનાથી ધંધો રોજગાર પાટે ચડ્યા આગામી નવેમ્બરથી તા. ૧૫ ડિસેમ્બર સુધી અસંખ્ય લગ્નો યોજાવના છે. પરંતુ શ્રાદ્ધ પક્ષ ચાલતું હોવાથી સોના-ચાંદીની ઘરાકીમાં લગ્નના યજમાનો શુભ મુહુર્તમાં ખરીદીનો આગ્રહ રાખે છે તે યોગ્ય પણ છે. જિલ્લામાં કોરોનાથી પ્રજા અને ઝવેરીઓ બંને પાયમાલ થયા છે પરંતુ શ્રાદ્ધ પક્ષ ચાલતું હોવાથી ઝવેરી બજાર કયારે નવરાત્રિ શરુ થાય અને શો રૂમ - દુકાનો ઘરાકોથી ઉભરાય તેની રાહ જોઈ રહ્યા છે.

### પોતાના કંઠે ગવાયેલ ‘લાલાનું મોરપીંછ’ આલ્બમ પ્રચલિત

# લાયન્સ નેતા ડૉ. પ્રકાશભાઈ શાહનો આજે જન્મદિવસ...

### પ્રજાને વેક્સીનેટ માટે જાગ્રત કરવામાં સિંહ ફાળો

બાયડ, તા. ૧



બાયડના જાણીતા ફિઝિશિયન લાયન્સ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨-બીના નેતા, ડૉ. પ્રકાશભાઈ જી. શાહ (શ્રીજી હાર્ટ હોસ્પિટલ બાયડ), નો આજે ૬૩મા જન્મદિવસ પ્રસંગે લાયન્સ - લીયો - જાયન્ટ્સ પરિવાર તેમને શુભેચ્છાઓ પાઠવશે. બૃહદ સાબરકાંઠા જિલ્લામાં જયારે હિપેટાઈટીસ-બીના રોગચાળાએ મૃત્યુનાં તાંડવ સર્જ્યું હતું ત્યારે ડૉ. પ્રકાશબાઈ શાહ દ્વારા ગામે ગામ વેક્સીનેશન દ્વારા લોકોને જાગ્રત કરી મહામારીમાંથી ઉગારવામાં સિંહફાળો અને પોતાનું આર્થિક યોગદાન આપ્યું હતું.

બાયડના સંજીવની હોસ્પિટલથી ઓળખાતા તબીબ મંદિરમાં ડૉ. પ્રકાશભાઈ શાહના કંન્સલ્ટીંગ રુમમાં પ્રવેશ કરો તો સુમધુર ગીતનો અવાજ સંભળાય. પોતાના મધુર કંઠમાં લાલાનું મોરપીંછ સહિત અનેક આલ્બમ તૈયાર કરી ડૉક્ટરોમાં પણ બીજી ઘણી પ્રતિભાઓ રહેલી છે તેનો જિલ્લાની પ્રજાને અનુભવ કરાવ્યો. વર્ષોથી બાયડને કર્મભૂમિ બનાવનાર ડૉ. પ્રકાશભાઈ શાહ તેમના સરળ સ્વભાવ અને દર્દીઓને સ્મિત સાથે આવકાર આપતા ત્યારે દર્દીનું અડધું દુઃખ દૂર થઈ જતું. તેઓએ કેન્સર જેવા રોગને હરાવી અદ્ભૂત વીલ પાવર પણ દેખાડ્યો છે. તેમના બંને પુત્રો ડૉ. કૃતિક શાહ અને ડૉ.અર્થ શાહ પણ પિતાના પગલે એમ.ડી (ફિઝિશિયન) તરીકે દર્દીઓની સેવા કરી રહ્યા છે. લોકહૃદય સમ્રાટ બનેલા ડૉ. પ્રકાશભાઈ શાહને ૬૩માં જન્મદિન નિમિત્તે આજે અઢળક શુભેચ્છકો શુભકામનાઓ પાઠવશે.

## રક્તદાન મહાદાન

# પાલનપુરના સિટીલાઈટ રોડ પર વાહન લોક કરવા બાબતે હોબાળો

પાલનપુર, તા. ૧

પાલનપુરના સિટીલાઈટ રોડ પર વાહન ટોઈંગ બાબતે હોબાળો મચાવ્યો હતો.જોકે બાદમાં લોક કરેલા વાહનનું લોક ખોલી દેતા મામલો શાંત પડી ગયો હતો. પાલનપુરમાં સીટીલાઈટ રોડ પર બુધવારે સાંજે એક ગાડી ઉભી હતી ત્યારે ટોઈંગના વાહને આવી અને ગાડીને લોક માર્યુ હતુ જે બાબતે ગાડી ચાલકે લોક ખોલવા કહેતા ટોઈંગ કરવાળાએ દંડ ભરવા કહ્યું હતું.પરંતુ ગાડી ચાલકે સાતસો રૂપિયાની જગ્યાએ સો રૂપિયા દંડ ભરવાનું કહેતા હોબાળો થયો હતો જેને પગલે લોકોના ટોળે ટોળા એકત્ર થઈ ગયા હતા.બાદમાં ગાડી ચાલકની ગાડીનો લોક ખોલી દેતા હોબાળો શાંત થઈ ગયો હતો.

# પાલનપુરમાં તાજા જન્મેલા બાળકને પારણામાં અજાણી વ્યક્તિ મૂકી ગયું

પાલનપુર, તા. ૧

સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી આગળ કોઈ અજાણી વ્યક્તિ ૨૮ સપ્ટે.સવારે ૪ વાગે તાજા જન્મેલા બાળકને પારણામાં મૂકી જતી રહી હતી. જે બાબતે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે જાણ પણ કરવામાં આવી છે.અ ત્યારે તેની સંભાળ ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ ખાતે થઈ રહી છે જે કોઈ પણ વ્યક્તિનું આ બાળક હોય તે ઓળખાણ આપી દિન દસ માં લઈ જવા જણાવાયું છે .

# પાલનપુરમાં ભૂગર્ભ ગટરની તકલાદી કામગીરી વિરુધ્ધ ભૂખ હડતાળ પર ઉતરવાની ચીમકી અપાઈ

### નબળી કામગીરી રોકવા અનેક રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા ગાંધી ચીંધ્યા માર્ગે આંદોનલ કરાશે : ભૂગર્ભ ગટરની ગુણવત્તા હીન કામગીરીથી ભવિષ્યમાં જીવલેણ સમસ્યા સર્જાવાની દહેશત વ્યક્ત કરાઇ

પાલનપુર, તા. ૧



પાલનપુરમાં નબળી અને ગુણવત્તા હીન ભૂગર્ભ ગટરની કામગીરી સતત વિવાદોમાં રહી છે આ કામગીરીને અટકાવવા માટે જિલ્લા કલેકટર સહિત ઉચ્ચસ્તરે લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ જ પ્રકારની કાર્યાવાહી કરવામાં ન આવતા આ ભૂગર્ભ ગટર ની કામગીરીથી ભવિષ્યમાં જીવલેણ સમસ્યા સર્જાય તેમ હોઈ જાગૃત નાગરીક દ્વારા ભૂગર્ભ ગટરની તકલાદી કામગીરી વિરુદ્ધ ભૂખ હડતાલ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. પાલનપુર શહેરમાં કરોડા રૂપિયાના ખર્ચેશહેરમાં ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી કરવામાંઆવી રહી છે જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા મનભાવે ત્યાં આડેધડ ખોદકામ કરવાની સાથે તકલાદી અને ગુણવત્તા હીન કામગીરી કરવામાં આવતી હોવાની બુમરાડ ઉઠી છે જેમાં ભૂગર્ભ ગટરની નબળી કામગીરી ને અટકાવવા જાગૃત નાગરીક અમૃત કે ચૌહાણ દ્વારા જિલ્લા કલેકટર સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા અરજદાર અમૃત ચૌહાણે જાહેર હિત માટે અને ભૂગર્ભ ગટર પાછળ સરકારના કરોડો રૂપિયાનો વેડફાટ રોકવા તેમજ ભવિષ્યમાં કોઈ જીવલેણ સમસ્યા ન સર્જાય તે માટે તંત્ર બાંહેધરી આપે તેવી માંગ સાથે આગામી તાં.૪ ઓક્ટોબરથી ગાંધી ચીંધ્યા માર્ગે ભૂખ હડતાળ પર ઉતરવાની જિલ્લા કલેકટર સહિત ઉચ્ચ કક્ષાએ લેખિત ચીમકી આપવામાં આવી છે.

### ભૂગર્ભ ગટરમાં અડધા શહેરના રોડ રસ્તાનો સત્યાનાશ વળી ગયો

પાલનપુરમાં ૨૫ કરોડના માતબર ખર્ચ થી ભૂગર્ભ ગટર નાખવાની છેલ્લા ઘણા સમય થી કામગીરી ચાલી રહી છે જેમાં કોટ અંદરના વિસ્તારમાં આડેધડ ખોદકામ કરવામા આવતા અડધા શહેરના રોડ રસ્તાઓ નો સત્યાનાશ વળી જતા લોકોને તેમજ વાહન ચાલકોને અવરજવર કરવામાં પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે??

# અડપોદરાની છાત્રા ભજન સ્પર્ધામાં પ્રથમ

### આસ્થા નાયકે સુરીલા કંઠથી સૌનું ધ્યાન ખેચ્યું

બાયડ, તા. ૧




જિલ્લા યુવાઉત્સવ હિંમતનગરની સ્વસ્તિક હાઈસ્કૂલમાં યોજાઈ ગયો જેમાં અડપોદરા હાઈસ્કૂલમાં ધો-૯માં અભ્યાસ કરતી કુ. આસ્થા વિનોદભાઈ નાયક ઓપન વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી નાયક સમાજ અને શાળાનું ગૌરવ વધાર્યુ હતું.

નાયક પરિવારમાં જન્મથી જ ગીત-સંગીતનો શોખ... તે શોખ સંતાનોમાં પણ જોવા મળ્યો, અડપોદરાની વિનુભાઈ નાયક અને છાયાબેન નાયકની પુત્રી આસ્થાએ શાળાકીય સ્પર્ધામાંથી જ પોતાની પ્રતિભાની સૌને પરખ કરાવી... કેટલીક સ્પર્ધાઓમાં અન્યાય છતાં હિંમત હાર્યા વગર પોતાના ધ્યેયને વળગી રહી. તાજેતરમાં ૭ તાલુકાનો જિલ્લા યુવા ઉત્સવ સ્વસ્તિક હાઈસ્કૂલ - હિંમતનગરમાં યોજાયો. ઓપન વિભાગની ભજનની સ્પર્ધામાં આસ્થા નાયકે પોતાના સુરીલા કંઠથી સર્વે પ્રેક્ષકો, કલાના કદરદારોને દંગ કરી દીધા. નિર્ણાયકોએ પરિણામ જાહેર કર્યુ જેમાં આસ્થા નાયકે પ્રથમ સ્થાને આવી તાલુકા-જિલ્લાને ગૌરવ અપાવતાં દિનેશ નાયક, યોગેશ નાયક (સરડોઈ) તથા નાયક સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧